Clube No. 52203 Charter Date 02-06-1999 RI District 3060

UNITE FOR GOOD

RI District 3060 Rotary Surat East

Team Achievers

# ROTARY CLUB OF SURAT EAST

## MONTHLY BULLETIN

JULY 2025

# Rotary Gatha

| RI PRESIDENT | DISTRICT GOVERNOR | PRESIDENT | SECRETARY | MONTH LEADER | BULLETIN CHAIR |
|---|---|---|---|---|---|
| RTN. FRANCESCO AREZZO | RTN. AMARDEEP SINGH BUNET | RTN. KIRIT VANKADI | RTN. HITESH VEKARIYA | RTN. NITIN DHAMELIYA | RTN. VIPUL PANSURIYA |

**PRESIDENT**



**RTN. KIRIT VANKADI**

**SECRETARY**



**RTN. HITESH VEKARIYA**

**MONTH LEADER**



**RTN. NITIN DHAMELIYA**

**BULLETIN CHAIR**



**RTN. VIPUL PANSURIYA**














01 રોટરી શું છે?
02 રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ શું છે?
03 પ્રેસીડેન્ટ સંદેશ
04 પ્રતિષ્ઠાપન ૨૭
05 પ્યારી સી મુસ્કાન
06 શિક્ષક દેવો ભવ:
07 રોટરીનો સ્નેહ
08 વૃક્ષારોપણ
09 ત્રિરંગા યાત્રા
10 બર્થ ડે સેલીબ્રેશન
11 વેલ્યુએબલ સ્પોન્સર
12 બોર્ડ મિટિંગ
13 મીડિયા નોટ
14 ડિસ્ટ્રીક્ટ ઈવેન્ટ
15 મંથ લીડર
16 સેક્રેટરી જાહેરાત


RI District 3060
Rotary
Club Of Surat East

# 01 રોટરી શું છે?

RI District 3060
Rotary
Club Of Surat East

રોટરી ક્લબ એ બિઝનેસ અને વ્યાવસાયિક નેતાઓનું વૈશ્વિક સંગઠન છે, જે સમાજમાં માનવતાવાદી સેવા પૂરું પાડવા, નૈતિક મૂલ્યોને જીવનમાં ઉતારવા અને વ્યાવસાયિક ક્ષેત્રે ઈમાનદારી સાથે નેતૃત્વ આપવા માટે કાર્યરત છે. રોટરી કલબોના સભ્યો તેમના વ્યવસાયિક અનુભવ અને સામાજિક જવાબદારીના ભાવથી પ્રેરિત થઈને સમગ્ર વિશ્વમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી બને છે.

રોટરી ઈન્ટરનેશનલ, જેને સામાન્ય રીતે "રોટરી" તરીકે ઓળખવામાં આવે છે, તે એક વૈશ્વિક નેટવર્ક છે જે સ્થાનિક કલબોના માધ્યમથી માનવતાવાદી પડકારોનો સામનો કરે છે અને શાંતિ તથા પરસ્પર સમજણને પ્રોત્સાહન આપે છે. રોટરીના દરેક સભ્યનું ધ્યેય પોતાના સમુદાયમાં અને વિશ્વભરમાં સારું બદલાવ લાવવાનો છે.

રોટરી ફાઉન્ડેશનની સ્થાપના ૧૯૦૫માં શિકાગોમાં પોલ પી. હેરિસ દ્વારા કરવામાં આવી હતી. શરૂઆતમાં થોડાં વ્યાવસાયિકો સાથે શરૂ થયેલું આ સંકલ્પ આજે એક વિશાળ સંગઠનમાં વિકસ્યું છે, જેના ઉદ્દેશ્ય વિચારોના પરસ્પર આદાનપ્રદાન સાથે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો છે.

રોટરી આજે વિશ્વના ૨૦૦થી વધુ દેશોમાં કાર્યરત છે. તેમાં ૪૬,૦૦૦થી વધુ રોટરી કલબ્સ છે અને તેમાં જોડાયેલા ૧.૪ મિલિયનથી વધુ સભ્યો પર૯ ડિસ્ટ્રિક્ટ અને ૩૪ ઝોનમાં વિભાજિત થયેલા છે. દરેક ક્લબ સ્થાનિક સ્તરે સ્વાયત્ત રીતે કાર્ય કરે છે, પરંતુ તે રોટરી ઈન્ટરનેશનલના મૂલ્યો અને ધ્યેયોને અનુસરે છે.
















# 02 રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ શું છે?

RI District 3060
Rotary
Club Of Surat East

**રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ એ રોટરી ઈન્ટરનેશનલનું સ્થાનિક ચેપ્ટર છે, જે સુરતમાં આવેલું છે. અન્ય રોટરી ક્લબની જેમ, તે સમુદાય-સેવા અને માનવતાવાદી પ્રોજેક્ટસને સમર્પિત વૈશ્વિક નેટવર્કનો એક ભાગ છે. આપણી ક્લબ રોટરી ઈન્ટરનેશનલના માર્ગદર્શિકા અને સમર્થન હેઠળ કાર્ય કરે છે.**

**રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ ઘણી રોટરી ક્લબની જેમ વિવિધ સમાજ સેવા અને માનવતાવાદી પ્રોજેક્ટસમાં કાર્યરત છે. રોટરી ક્લબ વિવિધ સ્થાનિક પ્રોજક્ટસમાં સામેલ છે જે સુરતના રહેવાસીઓની જરૂરિયાતોને અનુરૂપ પર્યાવરણ સુરક્ષા, સફાઈ, રક્તદાન, લિટર્સી, કેન્સર અવરનેસ, કૃત્રિમ અંગો વિતરણ, ડાયાલીસીસ સેન્ટર, ડ્રગ્સ અવેરનેસ, ઓર્ગન ડોનેશન, આત્મ હત્યા રોકો ઝુંબેશ, વ્યસન મુક્તિ, હેલ્થ અવરનેસ, પાર્કિન્સન્સ સારવાર, આનંદગ્રામ, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી અને વંચિત સમુદાયોને ટેકો આપવા જેવી પ્રવૃતિઓ કરી રહી છે.**

**આપણી ક્લબ સુરતના વિવિધ વ્યાવસાયિકો, બિઝનેસ લીડર્સ અને સમુદાયના વિચાર ધરાવતા ૧૮૫ થી વધુ મેમ્બર્સની બનેલી છે. પ્રોજેક્ટસની ચર્ચા કરવા, ઈવેન્ટસની યોજના બનાવવા અને સેવા પ્રવૃત્તિઓમાં સહયોગ કરવા માટે નિયમિતપણે મીટીંગો દ્વારા સભ્યો મળે છે. અન્ય રોટરી ક્લબની જેમ, સુરત ઈસ્ટમાં પણ વિવિધ સમિતિઓ છે જે આરોગ્ય, શિક્ષણ અને સમાજ સેવા જેવા વિવિધ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સમિતિઓ ચોક્કસ પ્રોજેક્ટ અને પહેલ પર કામ કરે છે.**



# 03 પ્રેસીડેન્ટ સંદેશ

નમસ્કાર રોટેરીયન મિત્રો, સૌ પ્રથમ IPP રો. પ્રફુલભાઈ ચોડવડીયા અને સેક્રેટરી રો નિતેશભાઈ વાગડીયા ના વર્ષ ૨૦૨૪-૨૫ ને સફળ બનાવવા માટે ખુબ ખુબ અભિનંદન પાઠવુ છુ. મિત્રો વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ની રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટની જવાબદારી મને સોંપવામાં આવી છે. ત્યારે હું એટલુ જ કહીશ કે સંસ્થાનુ ફક્ત સંચાલન કરવા માટે જ પ્રમુખ પદ આપવામાં આવે છે. પરંતુ સંસ્થા આપણી સૌની છે અને આપણે સૌ રોટેરીયન મિત્રોએ સાથે મળીને સમાજ ઉપયોગી કાર્યો કરીને અને સાથે આપણો વ્યક્તિગત વિકાસ કરીને આપણી ક્લબને અને આપણા વ્યક્તિત્વને નવી ઉંચાઈ પર લઈ જવાની જવાબદારી આપણી સૌની છે.




તો આવો મિત્રો ગેલેક્સી ઓફ પાસ્ટ પ્રેસીડેન્ટના માર્ગદર્શન હેઠળ આપણી ક્લબના ૨૭ વર્ષના ગૌરવવંતા વારસાને નવા શિખરો પર લઈ જવા માટે સહિયારા પ્રયત્નોથી આપણા પરિવાર, સમાજ અને રાષ્ટ્રોપયોગી કાર્યો કરીએ અને તે માટે આપ સૌ રોટેરીયન મિત્રોને નવા નવા પ્રોજેક્ટસની ચેરમેનશીપ લેવા માટે આહવાન આપુ છુ. મિત્રો આપણા RI President 2025-26 is Francesco Arezzo એ આપણને “Unite For Good” આપી છે, આ થીમ વિશ્વભરના રોટરી સભ્યોને તેમના સમુદાયો અને વિશ્વભરમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે એક થઈને સહયોગ કરવા અને તેમના સામૂહિક પ્રભાવને મજબૂત બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

જે ૧૨ મિત્રોએ મંથ લીડરની જવાબદારી લીધી છે તેમને હું અભિનંદન પાઠવુ છુ. તેમજ જુલાઈ મંથના લિડર રો. નિતીન ધામેલીયાની આગેવાનીમાં કરવામાં આવેલા તમામ પ્રોજેક્ટ ખુબજ સરાહનિય રહ્યા તે માટે ખુબખુબ અભિનંદન અને ઓગષ્ટ મન્થના લિડર રો. ભાર્ગવ કથિરિયાને ઓગષ્ટ મન્થના પ્રોજેકટનુ સફળતા પુર્વક આયોજન કરે માટે શુભેચ્છા પાઠવુ છું અને સૌ રોટેરીયન મિત્રો ખુબજ ખંત અને ઉત્સાહથી દરેક પ્રોજેકટમાં સાથ, સહકાર અને અચુક હાજરી આપે એવી અપેક્ષા...

આપનો સાથી... આપનો સાથી...

**રો. કિરીટ વાંકડી**

ક્લબ પ્રેસીડેન્ટ રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ

# 04 પ્રતિષ્ઠાપન ૨૭

RI District 3060
Rotary
Club Of Surat East




રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટનું પ્રતિષ્ઠાપન ૨૭ શપથગ્રહણ સમારોહ તથા એવોર્ડ સેરેમની ખૂબ જ આનંદદાયક, ભાવસભર અને યાદગાર બની રહી.

નવા પ્રમુખ રો. કિરીટ વાંકડી, સેક્રેટરી રો. હિતેશ વેકરીયા તથા સમગ્ર ટીમના શપથગ્રહણ સાથે નવા રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ની ઉત્સાહી શરૂઆત થઈ.

ગત વર્ષ દરમિયાન સેવા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર રોટેરિયન ને એવોર્ડ આપીને બિરદાવવામાં આવ્યા અને તેમને માન આપતાં આનંદની લાગણી અનુભવી.

આ પ્રોગ્રામ સફળ બનવા પાછળ દરેક રોટેરિયન મિત્રનો સહકાર, સંગઠન ની એકતા અને મજબુત લિડરશીપ છે.

આ શ્રેષ્ઠ આયોજન સફળ બનાવવા માટે સહભાગી બનેલા તમામ રોટેરિયન મિત્રો અને મહેમાનોનો હૃદયથી આભાર વ્યક્ત કરીએ છીએ.

આવી જ એકતાથી ભવિષ્યમાં વધુ સારા કાર્ય કરીશુ એ વિશ્વાસ સાથે તમામ રોટેરિયન ને ખુબ ખુબ અભિનંદન

| તારીખ | સમય | સ્થળ |
|---|---|---|
| ૧૩/૦૭/૨૦૨૫, રવિવાર | સાંજે ૪:૦૦ કલાકેથી | લા ગણેશા પાર્ટી પ્લોટ, અન્નપૂર્ણા હોટલ પાસે, કોસમાડા કેનાલ રોડ, કોસમાડા, સુરત. |

**કાર્યક્રમના ચેરમેન**

રો. પરેશ ગોંડલીયા
રો. વીણાબેન પટેલ
રો. જયદીપ ગજેરા
































RI District 3060
Rotary
Club Of Surat East

# 05 પ્યારી સી મુસ્કાન






રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા પ્યારી સી મુસ્કાન પ્રોજેક્ટ અંતર્ગત, આપણા પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી મહેશભાઈ રામાણીના ધર્મપત્ની શ્રીમતી પ્રેમિલાબેન રામાણીના જન્મદિવસ નિમિતે કોસમાડા ખાતે ૪૦ જેટલા એઈડ્સ પીડિત નિર્દોષ બાળાઓને ઉપયોગી કીટનુ વિતરણ કરવામાં આવ્યુ.

આ કીટમાં સ્કૂલ બેગ, કોલેજ બેગ, વોટર બોટલ, પાઉચ, મિક્સર, બ્લેન્ડર, ઘી, તેલ, સેનેટરી પેડ જેવી જરૂરી વસ્તુઓનો સમાવેશ થયો હતો.

આ સુંદર સેવાયજ્ઞમાં ક્લબના સભ્યોની ઉપસ્થિતિ અને સેવા ભાવનાથી બાળકોના ચહેરા પર "પ્યારી સી મુસ્કાન" ખીલી ઊઠી હતી. આ કાર્યક્રમે માનવતાના સાચા મૂલ્યોને સ્પર્શતા દિલને દ્રવી દેનાર ક્ષણો સર્જી હતી.

| તારીખ | સમય | સ્થળ |
| --- | --- | --- |
| ૦૪/૦૭/૨૦૨૫, શુક્રવાર | બપોરે ૨ થી ૪ કલાક | કોસમાડા |

**કાર્યક્રમના ચેરમેન**

પ્રોજેક્ટ ચેરમેન રો. વીણા પટેલ










# 06 શિક્ષક દેવોં ભવઃ

RI District 3060
Rotary
Club Of Surat East




"જો શિક્ષકને આપણે માન આપીશું તો શિક્ષક વર્ગખંડમાં મન આપશે ના વિચાર સાથે માનનીય શ્રી કાનજીભાઈ ભાલાળાની પ્રેરણાથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે દર અઠવાડિયે કોઈ એક શાળામાં જઈને તે શાળાના રાષ્ટ્ર ઘડતરનુ કાર્યકર્તા કોઈ એક શિક્ષકને તેમના વિદ્યાર્થીઓની હાજરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવાનુ ખૂબ જ ઉમદા કાર્ય આપણી રોટરી કલબ તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા કરવામાં આવી રહ્યુ છે, જે અંતર્ગત આપણે...

૧) તા. ૦૫ જુલાઈ ૨૦૨૫ ને શનિવાર ના રોજ શ્રી પ્રમુખસ્વામી મહારાજ પ્રાથમિક શાળા -૩૪૬ ના સારસ્વત શિક્ષિકા શ્રી કૈલાશબેન એસ. ધામેલીયા ને સન્માનતી કરવામાં આવ્યા હતા.

૨) તા. ૧૨ જુલાઈ ૨૦૨૫ ને શનિવાર ના રોજ શ્રી વસિષ્ઠ વિદ્યાલય વાવ ગામ ના સારસ્વત શિક્ષિકા શ્રી બેલાબેન ડી. ચતુર્વેદી ને સન્માનતી કરવામાં આવ્યા હતા.

૩) તા. ૧૮ જુલાઈ ૨૦૨૫ ને શનિવાર ના રોજ સંત બ્રહિણાબાઈ પ્રા. શાળા – ૧૪૬ ના સારસ્વત શિક્ષિકા શ્રી નલીનીબેન બી. શેવાળે ને સન્માનતી કરવામાં આવ્યા હતા.

૪) તા. ૨૫ જુલાઈ ૨૦૨૫ ને શનિવાર ના રોજ માધવબાગ વિદ્યાભવન નવો કોસાડ રોડ ના સારસ્વત શિક્ષિકા શ્રી ગોપીબેન જે ભાવનગરિયા ને સન્માનતી કરવામાં આવ્યા હતા.










## કાર્યક્રમના ચેરમેન

પ્રોજેક્ટ ચેર : રો. ભાર્ગવ કથીરીયા
પ્રો. કો. ચેર : રો. મુકેશ કાનાણી
રો. ચિરાગ રૂપારેલિયા
રો. પંકજ રામોલીયા

# 07 રોટરીનો સ્નેહ

RI District 3060
Rotary
Club Of Surat East




રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા આયોજિત રોટરીનો સ્નેહ કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો છે.
આપણા માનનીય તત્કાલીન પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી પ્રફુલભાઈ ચોડવડિયા ના જન્મદિન નિમિતે નિરાધાર માનવ સેવા મંદિર આશ્રમ ખાતે વસતા આશરે ૩૫ જેટલા મંદબુદ્ધિ બાળકો – આપણા પ્યારા પ્રભુજીઓ – માટે જીવન જરૂરી ચીજ વસ્તુઓની કીટનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.
આ કાર્યક્રમ દરમિયાન દરેક બાળકના ચહેરા પરની ખુશી, તેમની નિર્દોષ હાસ્યભરી આંખો અને તેમનો આત્મીય આનંદ આપણા મનને સ્પર્શી ગયો.
આવા અવસરો આપણને માનવતાની સાચી ભાવના અનુભવવાની તક આપે છે.
ચાલો, મળીને નક્કી કરીએ કે આવા કાર્ય સતત આગળ વધારીએ અને સમાજમાં ખુશીના રંગ ભરીએ...

| તારીખ | સમય | સ્થળ |
|---|---|---|
| ૧૨/૦૭/૨૦૨૫, શનિવાર | સાંજે ૬ કલાકે | નિરાધાર માનવ સેવા મંદિર આશ્રમ |

**કાર્યક્રમના ચેરમેન**

પ્રોજેક્ટ ચેરમેન રો. ખુશાલ શેલડીયા





# 08 વૃક્ષારોપણ તથા ફ્રુટ વિતરણ

RI District 3060
Rotary
Club Of Surat East




રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા સેવા અને પર્યાવરણ પ્રતિ પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને એક ઉત્તમ કાર્યકમનુ આયોજન કરવામાં આવ્યુ – વૃક્ષો વાવો, ભવિષ્ય બચાવો અંતર્ગત વૃક્ષારોપણ અને ફળ વિતરણ કાર્યક્રમ પાર્વતીબાઈ લેપ્રસી હોસ્પિટલ ખાતે સફળતા પૂર્વક યોજાયો.

આ કાર્યક્રમનું મુખ્ય ઉદ્દેશ હતો માત્ર વૃક્ષારોપણ નહી, પરંતુ દર્દીઓ માટે આરોગ્યપ્રદ વાતાવરણની રચના અને તેમને પોષણથી ભરપૂર ફ્રુટનુ વિતરણ કરીને ખુશીની લાગણી આપવી.

દાદ આપવી પડશે કે વરસાદી વાતાવરણ હોવા છતા પણ આપણા રોટેરીયન મિત્રો તથા રોટરેકટર મિત્રો ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં હાજર રહ્યા. દરેક સભ્યની ઉપસ્થિતિ, સેવા ભાવના અને સહકારને કારણે સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે પૂર્ણ થઈ શક્યો.

આ કાર્યક્રમ દ્વારા ન માત્ર વૃક્ષોનો સાત્વિક સંદેશ મળ્યો, પણ સેવા અને પ્રેમનો અહેસાસ પણ થયો.

| તારીખ | સમય | સ્થળ |
|---|---|---|
| ૨૦/૦૭/૨૦૨૫, રવિવાર | સવારે ૯:૩૦ કલાકે | પાર્વતીબાઈ લેપ્રસી હોસ્પિટલ, સુરત |

**કાર્યક્રમના ચેરમેન**

પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર – રો. મનહર વોરા
પ્રોજેક્ટ ચેરમેન – રો. હિતેશ પટોરીયા







# 09 ત્રિરંગા યાત્રા

RI District 3060
Rotary
Club Of Surat East




જય જવાન નાગરિક સમિતિ દ્વારા પ્રેરીત રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ તથા રોટરેક્ટ કલબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતુ જે બી.એ.પી.એસ. મંદિરથી રોટરી સર્કલ સુધી ૨૦ થી વધુ પોઈન્ટો પર અલગ અલગ સંસ્થાઓ તથા ઘણાબધા પોઈન્ટો ઉપર સ્કુલના બાળકો દ્વારા માનવ સાંકળ બનાવીને કારગીલ વિજય દિવસની ત્રિરંગા યાત્રા દ્વારા અલગ પ્રકારે ઉજવણી કરેલ. આ ત્રિરંગા યાત્રા બી.એ.પી.એસ. મંદિરે સ્ટેજ પ્રોગ્રામ કરીને તેમાં ઉપસ્થિત રહેલ તમામ શહિદ જવાનોના પરીવારોનુ તેમજ મહેમાનોનુ સ્વાગત સન્માન કરવામાં આવેલ. આ સ્ટેજ પ્રોગ્રામ પુર્ણ થયા બાદ ૪૦૦ થી વધુ ઈ-બાઈક રેલીની શરૂઆત કરવામાં આવેલ. આ ત્રિરંગા યાત્રા રોટરી કલબ તથા રોટરેકટ કલબના મોટી સંખ્યામાં મેમ્બરો હાજર રહેલા તથા શહીદોના પરિવારોને ફુલોની વર્ષા કરીને તેઓનુ અલગ અલગ પોઈન્ટોને ત્રિરંગા થીમમાં શણગારીને ફુલ હાર તથા ગીફ્ટો આપીને સન્માન કરવામાં આવેલ.

**તારીખ**

૨૬/૦૭/૨૦૨૫, શનિવાર

**સમય**

સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ કલાકે

**સ્થળ**

શ્રી સ્વામિનારાયણ મંદિર BAPS

**કાર્યક્રમના ચેરમેન**

પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર : રો. પ્રફુલ ચોડવડીયા
પ્રોજેક્ટ ચેરમેન : રો. મિલન ગોયાણી
રો. મનહર વોરા


















































RI District 3060
Rotary
Club Of Surat East

# 10 બર્થ ડે સેલીબ્રેશન

RI District 3060
Rotary
Club Of Surat East

| DATE | NAME |
|---|---|
| 01-07-2025 | Rtn. Dhansukh Bhingradiya |
| 01-07-2025 | Rtn. Lalji Sabhadiya |
| 02-07-2025 | Rtn. Dharmesh Goti |
| 05-07-2025 | Rtn. Bhavesh Gediya |
| 06-07-2025 | Rtn. Bharat Nasit |
| 07-07-2025 | Rtn. Pankaj Ramoliya |
| 08-07-2025 | Rtn. Jayanti Savaliya |
| 09-07-2025 | Rtn. Kishan Pansuriya |
| 11-07-2025 | Rtn. Khushal Sheladiya |
| 12-07-2025 | Rtn. Praful Chodvadiya |
| 14-07-2025 | Rtn. Bhargav Kathiriya |
| 14-07-2025 | Rtn. Jaydeep Gajera |
| 17-07-2025 | Rtn. Bhavesh Ghelani |
| 17-07-2025 | Rtn. Jagdish Vaghasiya |
| 17-07-2025 | Rtn. Kirti Kheni |
| 17-07-2025 | Rtn. Dr Arvind Dhameliya |
| 18-07-2025 | Rtn. Mayur Gajera |
| 19-07-2025 | Rtn. Ketan Babariya |
| 20-07-2025 | Rtn. Kamlesh Gajera |
| 27-07-2025 | Rtn. Dr. Happy Vasani |
| 29-07-2025 | Rtn. Mayur Sasani |
| 31-07-2025 | Rtn. Sanjay Sodavadiya |




















RI District 3060
Rotary
Club Of Surat East

# 11 વેલ્યુએબલ સ્પોન્સર

RI District 3060
Rotary
Club Of Surat East

Birthday Kit & T-Shirt Sponsor

Rtn. Sharadbhai Shah
Kalamandir Jewellers Pvt Ltd.

Birthday Kit Sponsor

Rtn. Manhar Saspara
Euro Food

Birthday Kit Sponsor

Rtn. Vijay Mangukiya
Dhani Jewels

Birthday Kit Sponsor

Rtn. Mahesh Ramani
Ashadeep Group of Schools

Birthday Kit Sponsor

Rtn. Kirit Vankadi
Rtn. Adv. Hitesh Vekariya

Birthday Kit Sponsor

Rtn.Dr. Amulakh Savani
Savani Surgical Hospital

Birthday Kit Sponsor

Rtn. Milan Chanchad
Shree Radhe Jewellers

Birthday Kit Sponsor

Rtn. Sanjay Chodvadiya
Shree Ghanshyam Live Cake

Birthday Kit Sponsor

Rtn. Jatin Kathiriya
Wagh Mobile & Accessories

Birthday Kit Sponsor

Rtn. Jignesh Kunjadiya
Shree Ganesh Jari Covering Pvt Ltd.

Birthday Kit Sponsor

Rtn. Ronak Javiya
Janki Herbals Pvt Ltd.

Birthday Kit Sponsor

Maheshakumar L Dholariya
Otlo Café
Otlo Hospitality Pvt Ltd

Birthday Kit Sponsor

Mr. Nupur Nimbark
Bhagwati Group of Industries

Birthday Kit Sponsor

Rtn. Pankaj Ramoliya
Five Force

Birthday Kit Sponsor

Rtn. Dhanji Nasit
Sri Sri Ayurvedik Aushadhi Kendra

Birthday Kit Sponsor

Rtn. Nirav Desai

Birthday Kit Sponsor

Mr. Viral Desai
Healthcare Labs

Birthday Kit Sponsor

Rtn. Bharat kalathiya
Sri Sri sofa

Birthday Kit Sponsor

Dr. Arvind B.Dhameliya
Dhameliya Kidney Hospital

Birthday Kit Sponsor

Rtn. Hiteshbhai Hirpara
Civilize Modern School

RI District 3060
Rotary
Club Of Surat East

# 12 બોર્ડ અને જનરલ મિટિંગ

- ૦૮/૦૭/૨૦૨૫ – હોટલ અમીરસ, સરથાણા
- ૧૯/૦૭/૨૦૨૫ – આશાદિપ સ્કુલ
- ૨૫/૦૭/૨૦૨૫ – BAPS મંદીર, કલાકુંજ પાસે





# 13 મીડિયા નોટ


આદર્શ સમાજ અને રાષ્ટ્રના નિર્માણ માટે પાયાનું કામ કરતા શિક્ષકો પ્રત્યેક આદર અને સન્માન વ્યક્ત થાય તેવા ઉમદા હેતુથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ અને રોટરી ક્લબ દ્વારા શ્રી પ્રમુખ સ્વામી મહારાજ પ્રાથમિક શાળા ઉતરાણ ખાતે શિક્ષકો તેમજ શાળા પરિવારની હાજરીમાં ગુરુદેવ ભવ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ શ્રેણીમાં ૪૯મો સન્માન સમારોહ યોજાયો હતો.


અક્ષરપ્રભા
સમાજસેવા કરીને અનોખી રીતે જન્મદિવસની ઉજવણી કરતા પ્રેમીલાબેન રામાણી


અક્ષરપ્રભા
વશિષ્ઠ વિદ્યાલય ખાતે યોજાયો ૫૦મો : એવોર્ડ અર્પણ સમારોહ યોજવામાં આવ્યો




DHABKAR-SURAT
માધવબાગ વિદ્યાભવનના આચાર્યાને 'શિક્ષક દેવો ભવઃ' એવોર્ડ અપાયો


વીર જવાનોના પરિવારોને સન્માન સાથે સહાય અર્પણ કરવા ૧ કરોડનું દાન મળ્યું
સરદાર સ્મૃતિ ભવન ખાતે સમર્પણ ગૌરવ સમારોહ યોજાયો
કારગિલ વિજય દિવસ : કપોદ્રા સ્થિત સ્વામિનારાયણ મંદિરથી ત્રિરંગા યાત્રા નીકળી : ૮ જવાનોના પરિવારોને ૧૬ લાખની સહાય

# 14 ડિસ્ટ્રીક્ટ ઈવેન્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

















→




→





15 મંથ લીડર










# MONTH LEADER 2025-26











JULY 2025 MONTH - SUPPORTIVE BOD



# 16 સેક્રેટરી એનાઉન્સમેન્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

નમસ્કાર રોટેરીયન મિત્રો,
આપ સૌ મિત્રોના સાથ અને સહકારથી જુલાઈ મહિનામાં આપણે ખુબ મહત્વના અને સફળ એવા પ્રોજેક્ટ કરી શકયા છીએ તે માટે આપ સૌ રોટેરીયન મિત્રો, તમામ પ્રોજેક્ટ ચેરમેનશ્રીઓ અને મંથ લીડર રો.નિતીન ધામેલીયાનો હદયના ઉમળકા થી આભાર વ્યકત કરુ છું.

મિત્રો ઓગષ્ટ માસમાં મંથ લીડર રો.ભાર્ગવ કથીરીયાની આગેવાનીમાં જે પ્રોજેક્ટ થવાના છે તેની અંદાજીત તારીખ પ્રોજેક્ટ હેતુ આપ સૌની જાણ માટે નીચે આપેલ છે જે તમામ પ્રોજેકટમાં આપ સૌ આપને અનુકુળતા મુજબ સાથ સહકાર અને અચુક હાજરી આપીને સંપુર્ણ ઓગષ્ટ માસને સફળ બનાવીએ.

**૦૧. ઓરીએન્ટેશન પ્રોગ્રામ**
તા. ૦૪/૦૮/૨૦૨૫
એજન્ડા: નવા રોટેરીયન મેમ્બરોને રોટરી કબલ વિશે સંપુર્ણ માહીતા આપવા માટેનો પ્રોગ્રામ

**૦૨. રક્ષાબંધન ઉજવણી**
તા. ૦૯/૦૮/૨૦૨૫

**૦૩. ૧૫ મી ઓગષ્ટ-ધ્વજ વંદન**
તા. ૧૫/૦૮/૨૦૨૫

**૦૪. જન્માષ્ટમી ઉજવણી**
તા. ૧૬/૦૮/૨૦૨૫

**૦૫. સ્ટેચ્યુ ઓફ યુનીટી-ફેમિલી પીકનીક ઈન્જોયમેન્ટ**
તા. ૨૩/૦૮/૨૦૨૫, ૨૪/૦૮/૨૦૨૫

**૦૬. ડો. અરવિંદભાઈ ધામેલીયા - ધામેલીયા કીડની હોસ્પીટલ સ્પીકર મીંટીંગ**
તા. ૨૮/૦૮/૨૦૨૫

**૦૭. શિક્ષક દેવો ભવ:**
તા. ૦૨-૦૯-૧૬-૨૨-૩૦/૦૮/૨૦૨૫




આપનો સાથી...

**રો. હિતેશ વેકરીયા**
કલબ સેક્રેટરી રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ

RTN. KIRIT VANKADI
President 2025-26

RTN. HITESH VEKARIYA
Secretary 2025-26


JULY 2025

# Rotary Gatha

## THE FOUR WAT TEST

**THE FOUR WAY TEST OF THE THINGS WE THINK, SAY OR DO**

**વાણી, વિચાર અને વર્તનની ચતુર્વિધ કસોટી**

1) **Is it the truth?**
   શું તે સત્ય છે?
2) **Is it fair to all concerned?**
   શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે ઉચિત છે?
3) **Will it build goodwill and better friendship?**
   શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે?
4) **Will it be beneficial to all concerned?**
   શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે લાભદાયી નીવડશે?

UNITE FOR GOOD

RI District 3060
Rotary
Surat East

Team Achievers


+91 97145 25888
rotarysurateast@gmail.com
Rotary Club Of Surat East
rotary_club_of_surat_east
rotarysurateast



BROCHURE DESIGN & PRINTING
8200007917 | 75679 02287